# વિનિમય 3

## એફપીઓમાં સભ્યપદ








# સભ્યોની ભાગીદારી



3

# વિનિમય

## એફપીઓમાં સભ્યપદ

એફપીઓના બીઓડી સભ્યો માટે
સ્વયં શિક્ષણ ની પુસ્તિકા



# વિનિમય

## એફપીઓમાં સભ્યપદ

**પ્રથમ આવૃત્તિ - મે ૨૦૨૧**

**કિંમત- રૂ ૧૦૦**

પ્રજોત્પતિના હકો અબાધિત. APMAS અને DGRV લોગોઝ વાપરીને સામગ્રીને APMAS ની પરવાનગી દ્વારા રીપ્રિન્ટ કરી શકાય છે.

પુસ્તકોનો ઓર્ડર કરવા માટે તમે APMAS અને BAIF ઓફિસનો ફોન અથવા મેઈલ દ્વારા સંપર્ક કરી શકો છો.

**ના દ્વારા પ્રકાશિત**

**મહિલા અભિવૃધ્ધિ સોસાયટી (APMAS)**

પ્લોટ ૧૧ અને ૧૨ હુડા કોલોની, તનિષા નગર, મનિકોન્ડા

હૈદ્રાબાદ - ૫૦૦૦૮૯, તેલંગણા, ભારત

ઓફિસઃ ૦૮૪૧૩-૪૦૩૧૧૮ / ૦૮૪૧૩-૪૦૩૧૨૦

મેઈલ આઈડિઃ- info@apmas.org વેબસાઈટ- www.apmas.org

apmas

અને

**બાયફ ડેવલોપમેન્ટ રીસર્ચ ફાઉન્ડેશન**

ડો. મણિભાઈ દેસાઈ નગર, વારજે

પૂણે ૪૧૧૦૫૮, મહારાષ્ટ્ર, ભારત

ઓફિસઃ ૦૨૦-૨૫૨૩૧૬૬૧

મેઈલ આઈડિઃ- baif@baif.org.in વેબસાઈટઃ www.baif.org.in

# એફપીઓના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ માટે સ્વયં શિક્ષણની પુસ્તિકા શા માટે?

ભારતીય ખેડુતો અનેક પડકારોનો સામનો કરી રહ્યા હોવા છતાં, કૃષિ ક્ષેત્રે ગત દાયકામાં નોંધપાત્ર પ્રગતિ સાધી છે. ખેડૂત નિર્માતા સંગઠનો (એફપીઓ) ની જેમ ખેડુતોને તેમના સંગઠનોમાં સંગઠિત કરવાની વાત નીતિઓનું ઘડતર કરનારાઓ અને વ્યવસાયિકોમાં ખેડૂત સમૃદ્ધિ માટે સૌથી પ્રાધાન્યવાળી સંસ્થાકીય પદ્ધતિ તરીકે ઉભરી આવી છે. એફપીઓ એ આગામી પાંચ વર્ષમાં ભારતમાં ખેડુતોની આવક બમણી કરવા માટેની અસરદાર વ્યૂહરચના છે. ભારતમાં જુદી જુદી એજન્સીઓ દ્વારા લગભગ ૫,૦૦૦ એફપીઓ બનાવવામાં આવી છે અને બીજી વધુ એફપીઓ બનાવવામાં આવી રહી છે. તેલુગુ રાજ્યો જેવા કે આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં આશરે ૭૦૦ એફપીઓ છે. એફપીઓની ચળવળ હજી પણ પ્રારંભિક તબક્કે છે જ્યારે એફપીઓના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ તેમના પ્રોત્સાહકો પર આધારિત છે, કારણ કે, તેમની પોતાની દૂરંદેશીતા, વ્યવસાયલક્ષીતા અને ક્ષમતાઓ હજુ મર્યાદિત છે કેમ કે તેમને ખૂબ જ મર્યાદિત તાલીમ આપવામાં આવી રહેલ છે. એફપીઓ એક સક્ષમ, સુયોગ્ય રીતે પ્રશિક્ષિત અને પ્રતિબદ્ધ સીઈઓ ન મેળવી શકવાના પડકારનો સતત સામનો કરી રહ્યા છે. એફપીઓ સારૂ શાસન, વ્યવસાયનું સંચાલન, અસરકારક વ્યવસ્થા, નાણાં અને બજારો તેમજ સરકારી યોજનાઓ સુધીની પહોંચ જેવા અન્ય ઘણા પડકારોનો સામનો કરે છે. કૃષિ-મૂલ્યની સાંકળના વિકાસને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરવાની ક્ષમતા એફપીઓ માટે હજુ દૂરની વાત છે.

એફપીઓના નિયામક મંડળની ક્ષમતાઓ અને સક્ષમતાઓનું ઘડતર એ એફપીઓની સફળતા અને એક એવી વ્યાવસાયિક સંસ્થા તરીકે ઊભરી આવવા માટે પાયાની પૂર્વ શરત છે કે જે કૃષિ ક્ષેત્રે સભ્ય-ખેડુતોનો નફો વધારવા માટે તેમને આવશ્યક એવી વિવિધ પ્રકારની જરૂરિયાત આધારિત સેવાઓ પ્રદાન કરતી હોય છે. એફપીઓના સંવર્ધન કેન્દ્રો દ્વારા ચાલતા એફપીઓના નિયામક મંડળ, કર્મચારીગણ અને વધુમાં તમામ સભ્યોને સતત તાલીમ અને માર્ગદર્શન એ એપીએમએએસની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ જ કારણે અમે વધુમાં વધુ સંખ્યામાં એફપીઓને પ્રોત્સાહિત કરવાના અને તેમના માર્ગદર્શન આપવામાં સંકળાયેલા છીએ કે જેથી તેઓ કૃષિ મૂલ્યના વિકાસ સાંકળની પહેલ સાથે યોગ્ય રીતે જોડાઈ શકે.

એફપીઓ માટે ની માર્ગદર્શિકાઓ અને મોડ્યુલોની સમીક્ષા કર્યા પછી, અમને એ જાણવા મળ્યું કે એફપીઓના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ માટે ગુણવત્તા યુક્ત વ્યવહારુ અને ઉપયોગ કરવામાં સરળ એવા સ્વ-અધ્યયનના મોડ્યુલો ઉપલબ્ધ નથી. સંસ્થાઓના પોતાના નિયમો અંગે મોડ્યુલો વિકસાવવાના

અમારા જબરદસ્ત અનુભવ અને સંસ્થા થકી નિર્માણ કરેલ તાલીમનો ૧૮ વર્ષના અનુભવના આધારે, શ્રી મધુ- મૂર્તિ અને શ્રીમતી રામલક્ષ્મીની આગેવાની હેઠળ એપીએમએએસની ટીમે એક વર્ષ કરતા વધુ સમય સુધી અનેક સંગઠનો, સહભાગી એનજીઓ, તાલીમ સંસ્થાઓ અને એફપીઓના પ્રતિનિધિઓ મળીને ઉપયોગ કરવામાં સરળ એવી ૧૨ સ્વયં શિક્ષણ મોડ્યુલોની એક સિરીઝ વિકસાવી છે. જે એફ.પી.ઓ. ની આવશ્યકતા અને મહત્વને આવરી લે છે. સાથે જ તે સંસ્થાકીય ડિઝાઇન, સભ્યપદ, નેતૃત્વ અને શાસન, વ્યવસ્થાપન, નોંધણી અને કાયદા પાલન ની વ્યાવસાયિક યોજના, ઉત્પાદકતામા વૃદ્ધિ, સામૂહિક માર્કેટિંગ ઇનપુટ અને આઉટપુટ, ફાર્મ સર્વિસ સેન્ટરનું સંચાલન, હિસાબી અને નાણાકીય વ્યવસ્થાપનનો પણ સમાવેશ કરેલ છે.

એક સ્વાયત્ત લોકશાહી ઢબે ચાલતા વ્યવસાય હોવાના નાતે એફપીઓમાં હંમેશા તેના નિયામક મંડળ અને ઓફીસ સ્ટાફની ક્ષમતાઓના વિકાસની આવશક્યતા હોય છે. કારણ કે અંહી સમયાંતરે ચૂંટણી યોજાતી હોય છે અને નિયામક મંડળમાં પરીવર્તન થતું રહે છે. અમને વિશ્વાસ છે કે વાપરવામાં સરળ એવા આ સ્વયં શિક્ષણ મોડયુલ એફપીઓને એક સક્ષમ અને પોતાના સદસ્યોને મદદરૂપ થવામાં તેમજ સમર્થ બનવા અત્યંત ઉપયોગી સાબિત થશે. એફપીઓ ઊભી કરનારાઓને સ્વયં શિક્ષણ મોડ્યુલ કીટ્સમાંથી શીખવા માટે વ્યવસ્થિત રીતે એફપીઓના બોર્ડ ઓફ ડીરેક્ટર્સને ટેકો આપવો પડશે. એફપીઓ આત્મ નિર્ભર બને અને પોતાના ઉદ્દેશો પાર પાડવામાં સક્ષમ રીતે વ્યાવસાયીક સંસ્થાન બની રહે તે માટે તેમને અસરકારક માર્ગદર્શન પૂરું પાડવા એફપીઓ ના પ્રમોટર્સ તેમજ અન્ય સહભાગીઓ પણ એફપીઓ બોર્ડ ના સ્વયં શિક્ષણ મોડ્યુલ કીટનો લાભ મેળવી શકશે. જ્યારે એપીએમએએસ એ માંગના આધારે તેલુગુ અને અંગ્રેજી ભાષામા સ્વ:અધ્યયન કરવાની જવાબદારી લીધી છે, સંશોધન સંસ્થાઓ, રાજ્ય સરકારો, નાબાર્ડ અને તાલીમ એજન્સીઓ દ્વારા મોડ્યુલ યોગ્ય રીતે અન્ય ભારતીય ભાષાઓમાં અનુવાદિત થઇ શકે છે. એપીએમએએસ આવા પ્રયત્નોનું ચોક્કસ સમર્થન કરશે. અમે આ પુસ્તિકાનાં ગુજરાતી ભાષાનાં અનુવાદ માટે બાયફ ટીમ તથા સજ્જતા સંઘ નાં શ્રી. બાલન ના આભારી છીએ. વધુ પ્રતિસાદ માટે આગળ જુઓ!

શુભેચ્છા સહ

**સી. એસ. રેડ્ડી**

મુખ્ય કારોબારી અધિકારી

એપીએમએએસ

# અનુક્રમણિકા


| | |
|---|---|
| એફપીઓ બોર્ડ ઑફ ડિરેક્ટર્સ માટે સ્વયં શિક્ષણની પુસ્તિકા શા માટે? | ૩ |
| શીખવાની માર્ગદર્શિકા વિષે | ૬ |
| શબ્દસંગ્રહ / ટુંકા નામો | ૮ |
| બેઝલાઈન | ૧૧ |
| ૧. એફપીઓમાં સભ્યોનું મહત્વ | ૧૨ |
| ૨. સભ્યોની માલિકી અને નિયંત્રણ | ૧૭ |
| ૩. સભ્યપદની મુખ્ય લાક્ષણિકતાઓ | ૨૪ |
| ૪. એફપીઓ માં સભ્યપદ - કોણ? કેવી રીતે? | ૩૫ |
| ૫. મૂડી ફાળો - સભ્યપદ એ માલિકી છે | ૩૭ |
| પરિશિષ્ટ I: MACS અધિનિયમ ૧૯૯૫ મુજબ સભ્યપદ માટેની જોગવાઈઓ | ૪૨ |
| પરિશિષ્ટ II: કંપની અધિનિયમ ૨૦૧૩ મુજબ સભ્યપદ માટેની જોગવાઈઓ | ૪૩ |
| અંત રેખા | ૪૬ |

# શીખવાની માર્ગદર્શિકા વિષે

## બીઓડી માટે લર્નિંગ


૧. એફપીઓ: પરીચય અને તાર્કિક આધાર

૨. સંસ્થાકીય માળખુ અને એફપીઓ નુ આલેખન

**૩. એફપીઓ મા સભ્યપદ**

૪. એફપીઓમા શાશન

૫. એફપીઓનુ સંચાલન

૬. એફપીઓમા કાયદાકીય જોડાણો

૭. વ્યાવસાયિક યોજના

૮. એકાઉન્ટીંગ અને ફાઇનાન્સ

૯. પોસ્ટ હાર્વેસ્ટ અને સપ્લાય ચેઇન મેનેજમેન્ટ

૧૦. માર્કેટિંગ

૧૧. ખેત ઉત્પાદક્તા ની ઉન્નત સેવાઓ

૧૨. આગેવાની


એફપીઓ માં સભ્યઓએ ઉપર સ્વ અધ્યયન મોડ્યુલ ની શ્રેણી માં આ ત્રીજો અને મહ્ત્વ નો મોડ્યુલ છે. એફપીઓ સભ્યો દ્વારા અને તેમના માટે વિવિધ સેવાઓ પુરી પાડવા માટે જરૂરી પુસ્તિકા બની જાય છે.

## હેતુ

આ મોડ્યુલનો હેતુ એફપીઓના સભ્યોને જરૂરી અભિગમ સાથે સજ્જ કરવાનો છે જેથી તેઓ તેમની ભૂમિકાને અસરકારક રીતે ભજવી શકે અને તેમના એફપીઓને તેમના સભ્યો માટે ફાયદાકારક સાહ્સ બનાવી શકે છે.

**લક્ષ્યાંક જૂથ:** આ મોડ્યુલ ખેડૂત ઉત્પાદક સંસ્થાઓના બોર્ડ ઑફ ડિરેક્ટર્સના સભ્યો માટે છે. બીઓડીના સભ્યોને તેમના એફપીઓ ચલાવવાનો ઓછામાં ઓછા અમુક વર્ષનો અનુભવ હોવો જોઈએ.

## ઉદ્દેશો શીખવા

નીચે આપેલા ઉદ્દેશો સભ્યપદ પરના આ મોડ્યુલના મુખ્ય ઉદ્દેશો છે.

★ સભ્યોના મહ્ત્વતા જેથી તેમની માલિકી અને નિયંત્રણ સુનિશ્ચિત થાય.

★ એફપીઓમાં સભ્યપદની વિવિધ મુખ્ય સુવિધાઓ વિશે જાણવા માટે

★ સદસ્યતાના માપદંડને અને સભ્ય મૂડી યોગદાનની જરૂરિયાત સમજવા

## રચના અને સમાવિષ્ટો

મોડ્યુલની શરૂઆત સભ્યોના મહત્વથી થાય છે અને સભ્યોની માલિકી અને સભ્યો પર ના નિયંત્રણ નો સમાવેશ થાય છે. ત્યાર પછી સભ્યો ની મૂડી રોકાણ ની મહત્વતા વિસ્તાર પૂર્વક ચર્ચા કરવામાં આવી છે તે પછી તે સભ્યોની વિવિધ કી સુવિધાઓ અને સભ્યોના મૂડી યોગદાનના મહત્વ સાથે સંબંધિત છે.

## આ પુસ્તિકા નો ઉપયોગ કેવી રીતે કરવો

બીઓડી સભ્યો મોડ્યુલો નો ઉપયોગ તેમના પોતાની રીતે કરી શકે છે અથવા મોડ્યુલોમાંથી શીખવાની સુવિધા માટે બહારના રિસોર્સ પર્સનની વ્યવસ્થા કરી શકે છે. મોડ્યુલની સાથે, મોડ્યુલને લગતા પોસ્ટરો પણ છે જે બીઓડી સભ્યો તાલિમ માટે સંબંધિત સ્થળોએ પ્રદર્શિત કરી શકાય છે.

અમે ઇચ્છીએ છીએ કે તમે આ મોડ્યુલમાંથી શીખવાની મજા લો અને વધુ અસરકારક અને સક્ષમ રીતે તમારા એફપીઓને સંચાલિત કરો.

# શબ્દસંગ્રહ / ટૂંકા નામો

**આર્ટિકલ્સ ઑફ એસોસિએશન** (AoA) **(એઓએ)** : સહકારી સંસ્થાઓના નિયમો મુજબ આ આર્ટિકલ્સ ઑફ એસોસિએશન (એઓએ) કંપની માટે છે. કંપનીના કાર્યો માટેના નિયમોને નિર્દિષ્ટ કરે છે. અને કંપનીના ઉદ્દેશ્ય અને હેતુને પ્રાપ્ત કરવાના માર્ગો અને માર્ગોની વ્યાખ્યા આપે છે.

આ બોર્ડે તૈયાર કરવાનું રહેશે અને તેમને કંપનીના રજિસ્ટ્રાર દ્વારા મંજૂરી લેવી પડશે. એઓએમાં કોઈપણ સુધારો ફક્ત બોડી દ્વારા કરી શકાય છે અને કંપનીના રજિસ્ટ્રાર દ્વારા મંજૂરી લેવાની રહેશે.

**સક્રિય સભ્ય** : દરેક વ્યક્તિ જ આર્ટિકલ ઑફ એસોસિએશન અને બાય લૉ માં દર્શાવેલ સભ્યપદ સભ્યો માટેના નિયમો અને જવાબદારી ના માપદંડો ને પૂર્ણ કરે છે

દા.ત., જો ડેરી કોઓપરેટિવ સોસાયટીના પેટાનિયમોએ એવું નક્કી કર્યું કે સભ્યએ વર્ષમાં ૧૮૦ દિવસના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછું ૧૮૦ લિટર દૂધ આપવું પડે, તો ફક્ત તે સભ્યો જેઓ આ જરૂરિયાતને પૂર્ણ કરે છે તેને સક્રિય સભ્યો તરીકે ગણવામાં આવે છે.

**બોર્ડ / બોર્ડ ઑફ ડિરેક્ટર્સ (બીઓડી)** : નીતિ વિષયક નિર્ણયો લેવા અને એફપીઓ તેના સભ્યો માટે કામ કરે છે તેની ખાતરી કરવા માટે બોર્ડ ની સંચાલક મંડળ છે. એફપીઓના બોર્ડની રચના જનરલ બોડી એટલે કે એફપીઓના સભ્યો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવે છે.

**પેટા કાયદા** : પેટા કાયદા કો ઓપરેટીવ સોસાયટી ને સુચારુ રૂપે ચલાવવા માટે જરૂરી છે. દરેક સહકારી મંડળી ને પોતાના પેટા કાયદા હોય છે.

બોર્ડે પેટાકાયદા તૈયાર કરાવવાના છે અને તેઓને સહકારી મંડળના રજિસ્ટ્રાર દ્વારા મંજૂરી લેવી પડશે. પેટાકાયદા માં કોઈપણ સુધારો ફક્ત જનરલ બોડી દ્વારા કરી શકાય છે અને તે સહકારી મંડળના રજિસ્ટ્રાર દ્વારા મંજૂરી લેવાની રહેશે.

**સહકારી મંડળી** : સહકારી અધિનિયમ (દા.ત., આંધ્રપ્રદેશ મ્યુચ્યુઅલ એઇડેડ કોઓપરેટિવ સોસાયટીઝ એક્ટ, ૧૯૯૫) હેઠળ નોંધાયેલ એફપીઓ ને એક સહકારી મંડળી કહેવામાં આવે છે.

**CEO/ મેનેજર/ જનરલ મેનેજર** : દરેક એફપીઓ પાસે પૂર્ણ સમયના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) અથવા હોદ્દો કોઈપણ હોય (મેનેજર, જનરલ મેનેજર વગેરે) હોવા જરૂરી છે. CEO, બોર્ડના સામાન્ય અધીક્ષક, નિર્દેશન અને નિયંત્રણ હેઠળ એફપીઓ ની બાબતોનું સંચાલન કરશે અને એફપીઓ ની કામગીરી માટે જવાબદાર રહેશે.

**ડિવિડન્ડ** : ડિવિડન્ડ એ એફપીઓના કમાણીના ભાગમાંથી ઇનામનું વિતરણ છે અને તેના સભ્યોને ચૂકવવામાં આવે છે.

**એફપીઓ (ખેડૂત ઉત્પાદક સંગઠન)** : ખેડૂત ઉત્પાદક સંગઠન (એફપીઓ) નોંધણી પામેલ સંસ્થા છે જેની માલિકી અને તેમના ખેડૂત સભ્યો દ્વારા નિયંત્રિત છે એફપીઓ ના ઉદ્દેશ તેના સભ્યોને જરૂરી સેવાઓ પૂરી પાડીને સામાન્ય જરૂરિયાતો પૂરી કરવાનો છે. એફપીઓને કૃષિ ના સંલગ્ન પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે. એફપીઓ પંજીકૃત સંસ્થાઓ હોવાથી, તેમની પાસે / ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ટાફ, સિસ્ટમો હોવી જરૂરી છે અને તેનું સંચાલન બોર્ડ ઑફ ડિરેક્ટર્સ દ્વારા થતું હોવું જોઈએ.

**અસાધારણ સામાન્ય સભા (EGM)** : એક અનન્ય સાધારણ સમિતિ AGM સિવાય સામાન્ય સમિતિની મીટિંગ છે. AGMsની વચ્ચે એફપીઓની કોઈ ખાસ / તાત્કાલિક બાબતો પર ચર્ચા કરવા, અચાનક ઠરાવો લેવા વગેરે માટે હાથ ધરવામાં આવે છે.

**સાધારણ સભા** : એફપીઓના તમામ સભ્યોને તે એફપીઓની સાધારણ સભા તરીકે ઓળખવામાં આવે છે. સાધારણ સભા એફપીઓ નો સર્વોચ્ચ અધિકાર છે.

**સામાન્ય સમિતિ સભાઓ** : એફપીઓની સામાન્ય સમિતિની સભા.

**સભ્ય કેન્દ્રિયતા** : સભ્ય કેન્દ્રીયતા એ એફપીઓ ની સેવાઓ તેના સભ્યોની જરૂરિયાત માટે કેટલી મહત્વપૂર્ણ / સંબંધિત છે તેનો સંદર્ભ આપે છે. એટલે કે, જો એફપીઓ ની સેવાઓ સભ્યોની જરૂરિયાતો સાથે સંબંધિત / કેન્દ્રિય હોય, તો સભ્યોને લાગે છે કે એફપીઓ તેમના માટે મહત્વપૂર્ણ છે.

**સભ્ય** : "સભ્ય" એટલે એફપીઓ ના સભ્ય તરીકે પ્રવેશ મેળવેલ કોઈ વ્યક્તિ અથવા નિર્માતા સંસ્થાનો અર્થ એ છે કે કોઈ વ્યક્તિ અથવા નિર્માતા સંસ્થા જે ચાલુ રહેવા માટે જરૂરી લાયકાતો જાળવી રાખે છે. એફપીઓ માં, માત્ર કાર્યરત ક્ષેત્રમાં લાયક ખેડૂત અથવા ઉત્પાદક સંસ્થાઓ (તેમના પેટાનિયમો / AoA મુજબ) સભ્ય બની શકે છે.

**સભ્ય આશ્રય** : એફપીઓ દ્વારા તેના સભ્યોને તેની વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ સેવાઓનો ઉપયોગ.

**નિર્માતા કંપની** : કંપની એક્ટ ૨૦૧૩ હેઠળ નોંધાયેલા એફપીઓને પ્રોડ્યુસર કંપની કહેવામાં આવે છે. પ્રોડ્યુસર કંપનીનો અર્થ છે કે બોડી કોર્પોરેટ નો હેતુ અથવા પ્રવૃત્તિઓ ધરાવતા જેની કલમ ૫૮૧બી માં ઉલ્લેખિત છે અને કંપની અધિનિયમ ૨૦૧૩ હેઠળ નિર્માતા કંપની તરીકે નોંધાયેલ છે.

**સમર્થન** : એફપીઓ દ્વારા તેના સભ્યોને તેની વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં ભાગીદારી દ્વારા આપવામાં આવતી સેવાઓનો ઉપયોગ;

**સહભાગી બાંયધરી સિસ્ટમ (PGS-ભારત)** : સહભાગિતા બાંયધરી સિસ્ટમ (PGS-ભારત) એ ગુણવત્તાની ખાતરી માટેની સિસ્ટમ છે કે જે સ્થાનિક રીતે સંબંધિત છે, હોદ્દેદારોની ભાગીદારી પર ભાર મૂકે છે.

**શેર મૂડી** : નાણાં જે શેરધારક સભ્યો માલિકી લેવા માટે એફપીઓ માં રોકાણ કરે છે.

**રોકી રાખવામાં આવેલ કિંમત** : રોકી રાખવામા આવેલ ભાવનો અર્થ એ છે કે કોઈ પણ સભ્ય દ્વારા એફપીઓમાં પૂરા પાડવામાં આવતા માલ માટે ચૂકવણીપાત્ર અને ચૂકવવાપાત્ર કિંમતના ભાગ; અને ત્યારબાદની તારીખે ચુકવણી માટે એફપીઓ દ્વારા અટકાવેલ.

# બેઝલાઈન

"લર્નિંગ મોડ્યુલ વિશે" ના પૂર્વ વિભાગમાં આપ્યા મુજબ, આ મોડ્યુલ "એફપીઓ માં સભ્યપદ" વિષય સાથે સંબંધિત છે.

આ વિષય પર તમારા માટે કેટલાક મૂળ પ્રશ્નો આપ્યા છે. ચાલો આપણે આ પ્રશ્નોના જવાબ આપીએ. આ આધાર રેખાનો હેતુ આ પ્રશ્નો અંગેની આપણી વર્તમાન સમજણનું મૂલ્યાંકન કરવાનો છે અને આ રીતે “એફપીઓ માં સભ્યપદ” વિષે વધુ શીખવામાં આવે છે.

૧. એફપીઓના માલિકો કોણ છે?

-- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- --

-- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- --

-- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- --

-- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- --

૨. એફપીઓ માં કોણ સભ્ય બની શકે છે?

-- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- --

-- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- --

-- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- --

-- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- --

3. સભ્યો અને એફપીઓ વચ્ચે કયા વ્યવહાર થાય છે?

-- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- --

-- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- --

-- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- --

-- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- -- --

# ૧

# એફપીઓ માં સભ્યોનું મહત્વ

## સત્ર ઉદ્દેશ



**એફપીઓ અને સભ્યો માટે કામ કરવા માટે સભ્યોના મહત્વની પ્રશંસા મેળવવા માટે**

### વિષયવસ્તુઓ

૧. સભ્યો – મહત્વતા
૨. એફપીઓ સાથે સભ્યોના વ્યવહાર

## પરિચય

અગાઉના "ઇન્સ્ટિટ્યુશનલ સ્ટ્રક્ચર એન્ડ એફપીઓના ડિઝાઇનર" ના મોડ્યુલમાં, અમે નોંધ્યું છે કે સભ્યો, બોર્ડ ઓફ ડિરેકટર્સ સભ્યો અને સ્ટાફ એફપીઓના ત્રણ મુખ્ય કાર્યકારી છે. અમે એ પણ જોયું કે સભ્યો એફપીઓના પાયા છે અને બોર્ડ અને સ્ટાફે સભ્યોના કલ્યાણ માટે કામ કરવું પડશે. આમ, આ મોડ્યુલ એએફપીઓના સૌથી મહત્વપૂર્ણ કાર્યકર્તાઓ સાથે વ્યવહાર કરે છે એટલે કે સભ્યો.

આ મોડ્યુલમાં, અમે સભ્યોના મહત્વના પાસાઓ, તેમની માલિકી અને નિયંત્રણ, એફપીઓમાં સભ્યપદની મુખ્ય લાક્ષણિકતાઓ સાથે વ્યવહાર કરીએ છીએ એટલે કે સભ્ય ગતિશીલતા, સભ્ય કેન્દ્રિયતા, સભ્ય સ્તર અને એફપીઓ સ્તરે સંતુલન લાભ અને સભ્ય સંબંધો. અમે એફપીઓ માટે સભ્યોના ઉચ્ચ નાણાકીય હિતોના મહત્વ સાથે પણ વ્યવહાર કરીશું.

## ૧.૧ એફપીઓના સભ્યો

અમારા એફપીઓ વ્યવસાયમાં આવતાં પહેલાં, આપણે સમજી લેવું જોઈએ કે, આપણે કેવા પ્રકારનો વ્યવસાય કરીશું અને કોના માટે એફપીઓ કામ કરવું પડશે અને શા માટે?

**સંસ્થાના પ્રકાર પર આધાર રાખે છે**

★ ધંધાની માલિકી કોણ ધરાવે છે?

★ ધંધાને કોણ નિયંત્રિત કરે છે?

★ ધંધાનો ઉપયોગ કોણ કરે છે?

★ નફો કોને મળે છે?

**સભ્યો છે**

★ એફપીઓ ના માલિકો
★ એફપીઓ સેવાઓ ના વપરાશકર્તાઓ
★ તેઓ જે એફપીઓને નિયંત્રિત કરે છે
★ એફપીઓ ના અસ્તિત્વનું કાર

વ્યક્તિગત માલિકીના વ્યવસાયમાં, એક વ્યક્તિ ધંધાની માલિકી ધરાવે છે, નિયંત્રિત કરે છે, ચલાવે છે અને લાભો / નફાઓ મેળવે છે. ભાગીદારીમાં, બે કે તેથી વધુ લોકો માલિકી ધરાવે છે, નિયંત્રણ કરે છે, વ્યવસાય ચલાવે છે, વ્યવસાયને કાનૂની ઓળખ હશે અને તેમના રોકાણના આધારે જોખમો અને નફામાં ભાગીદારી થશે. અમારો એફપીઓ પણ ભાગીદારીના વ્યવસાયનો પ્રકાર છે,

★ અમારે ઘણા માલિકો છે,

★ અમે અમારા સભ્યો મારફતે જરૂરી વિવિધ ચીજો અને સેવાઓ પ્રદાન કરીએ છીએ,

★ અમારા સભ્યો રોકાણકારો છે, અને સૌથી અગત્યનું,

★ સભ્યો એફપીઓના માલિકો જ નહીં પણ એફપીઓની સેવાઓનો વપરાશકારો પણ હોય છે. સભ્યો છે

તેનો અર્થ એ કે આપણા સભ્યો એફપીઓના અસ્તિત્વનો પાયો અને કારણ છે. આમ, એફપીઓ તેમના સભ્યોની આર્થિક અને સામાજિક સુધારણા માટે કામ કરવાના છે.

**આપણે માલિકો છીએ, આપણે વપરાશકર્તાઓ છીએ,
આપણે નિયંત્રકો છીએ, આપણો નફો / નુકસાન છે**









## સભ્યો કોણ છે?

"પેટાનિયમોને આધીન, કોઈપણ વ્યક્તિ કે જે એફપીઓ ની સેવાઓનો ઉપયોગ કરવા માંગે છે તે સભ્યપદની જવાબદારીઓ સ્વીકારવાની અને તેની અન્ય શરતોને પૂર્ણ કરવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરી શકે છે, જેમણે એફપીઓના પેટાનિયમોમાં સ્પષ્ટ કરેલ છે અને જેણે શેર મૂડી ચૂકવી છે."

# સભ્ય અને એફપીઓ વચ્ચેના વ્યવહારો

સભ્ય અને એફપીઓ વચ્ચેના સંબંધો અને વ્યવહાર નીચે દર્શાવવામાં આવ્યા છે.

## આકૃતિ: સભ્યો અને એફપીઓ વચ્ચેના વ્યવહાર




ઉપરોક્ત આકૃતિમાં સૂચવ્યા મુજબ, સભ્યો એફપીઓના માલિકો છે કે જે શેર મૂડી ફાળવવામાં ફાળો આપી શકે છે અને એફપીઓ દ્વારા આપવામાં આવતી સેવાઓનો ઉપયોગ પણ કરે છે. એફપીઓનો હેતુ તેમના સભ્યોને સમયસર અને ખર્ચ અસરકારક રીતે જરૂરી સેવાઓ પ્રદાન કરવાનો છે.

# ૨. એફપીઓ ની વ્યવસાયિક સદ્ધરતા માટે સભ્યોનું મહત્વ

શું કોઈ ઓટો રિક્ષાનો વ્યવસાય તેના માટે મુસાફરો વિના ચાલે છે?

શું શાકભાજીની દુકાનનો વ્યવસાય ગ્રાહકો દ્વારા શાકભાજી ખરીદ્યા વિના ચાલે છે?

આવા બધા કેસોમાં જવાબ સ્પષ્ટ છે.

આમ એફપીઓનો વ્યવસાય પણ સભ્યો વિના ચાલે નહીં, કારણ કે સભ્યો પોતે એફપીઓ ના ગ્રાહકો છે.

ઉદાહરણ તરીકે, એફપીઓ આગામી કૃષિ મોસમ માટે તેમના સભ્યોની ૧૦ ક્વિન્ટલ બીજની જરૂરિયાતનો અંદાજ બનાવે છે. એફપીઓ લોન લે છે અને તેના સભ્યોને સપ્લાય કરવા માટે ૧૦ ક્વિન્ટલ બીજ ખરીદે છે. જો સભ્યો ખરેખર ૨ ક્વિન્ટલ બીજ લે તો શું થાય?

તેથી માલિકી વિના કોઈ સંસ્થા હોતી નથી અને ગ્રાહકો વિના કોઈ વ્યવસાય હોતો નથી. તેનો અર્થ એ કે સભ્યો વિના, એફપીઓ માટે કોઈ વ્યવસાય અને નિર્વાહ નથી.

બીજું ઉદાહરણ નીચે આપેલ છે.

સાધિકરથા એફપીઓ કર્ણાટક રાજ્યના શિવપુરમ બ્લોકમાં કાર્યરત છે. શિવપુરમ સમૂહમાં મુખ્ય પાક લાલ ચણા છે. સાધિકરથા એફપીઓએ લાલ ચણાની દાળ મિલ સ્થાપિત કરવાની યોજના બનાવી છે. મિલની જરૂરી ક્ષમતા અને ધંધા માટે સભ્યોની સંખ્યા નીચે આપેલ છે.

| ક્ર. | વિશેષ | એકમ | એકમોની સંખ્યા |
|---|---|---|---|
| **યોજનાની વિગતો** | | | |
| ૧ | વાર્ષિક મિલની કુલ ક્ષમતા | ક્વિન્ટલ | ૯,૦૦૦ |
| કાચા માલની વિગતો | | | |
| ૨ | સરેરાશ સભ્ય દીઠ જમીનનું માપ | એકર | ૨ |
| ૩ | સરેરાશ ઉત્પાદકતા | ક્વિન્ટલ / એકર | ૪ |
| ૪ | સભ્ય દીઠ કુલ ઉત્પાદન | ક્વિન્ટલ | ૮ |
| ૫ | સભ્યો દ્વારા એફપીઓને આપવામાં આવતી ચીજવસ્તુઓની ટકાવારી | % | ૭૫% |
| ૬ | સભ્ય દ્વારા પૂરા પાડવામાં આવતા કાચા માલની માત્રા | ક્વિન્ટલ | ૬ |
| ૭ | ક્ષમતા ઉપયોગને પહોંચી વળવા માટે જરૂરી સભ્યોની સંખ્યા | સંખ્યા | ૧૫૦૦ |

ઉપરોક્ત દૃષ્ટાંતથી, એ સ્પષ્ટ છે કે એફપીઓ દ્વારા દાળ મિલને ચલાવવા માટે ૧૫૦૦ સભ્યોની આવશ્યકતા છે.

હવે આપણે સાધિકરથ એફપીઓ સધ્ધરતાને લગતા પ્રશ્નો નીચેના વિશે વિચારવાની જરૂર છે:

જો ૧૫૦૦ સભ્યો એફપીઓ દ્વારા એકત્રિત ન થાય અને ફક્ત થોડા સભ્યો જ જરૂરી કાચો માલ પૂરો પાડે તો શું પરિણામ આવશે?

જો મીલ સ્થાપિત થયાના થોડા વર્ષો પછી જ ૧૫૦૦ સભ્યો એકત્રિત કરવામાં આવશે તો પરિણામ શું આવશે?

ઉપરોક્ત ચિત્રણથી, તે સ્પષ્ટ છે કે એફપીઓ માં પર્યાપ્ત સભ્યપાદ અને સભ્યો દ્વારા તેમના સંપૂર્ણ સમર્થન એફપીઓ વ્યવસાયની સધ્ધરતા માટે નિર્ણાયક છે. પ્રોફેશનલ પ્લાન્ટ અને સભ્યપદની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ એફપીઓના કોઈપણ વ્યવસાયની સધ્ધરતા માટે જરૂરી છે અને આ માટે જરૂરી સભ્યોને એકત્રિત કરવા પડશે.

૨

# સભ્યોની માલિકી અને નિયંત્રણ

## સત્ર ઉદ્દેશ



**સભ્યોની માલિકી અને નિયંત્રણની આવશ્યકતા વિશે જાગૃતિ મેળવવા માટે**
**સભ્યોની જવાબદારીઓ વિશે જાણવું**

### મુખ્ય વિષયવસ્તુઓ

૧. સભ્યોની માલિકી અને નિયંત્રણ
૨. સભ્યોની જવાબદારીઓ

પ્રારંભિક સત્રોમાં એફપીઓ અને સભ્યોના અર્થથી, તે જાણી શકાય છે કે એફપીઓ એ સભ્ય આધારિત સંસ્થાઓ છે જેની માલિકીની અને તેમના સભ્યો દ્વારા નિયંત્રિત હોય છે. હવે, ચાલો જોઈએ કે એફપીઓ કેવી રીતે તેમના સભ્યો દ્વારા માલિકીની અને નિયંત્રિત કરી શકે છે.

### સભ્યો પોતાની માલિકી સુનિશ્ચિત કરે છે




શેરની મૂડી ચૂકવવી




એફપીઓની મૂડીમાં ફાળો




એફપીઓની સેવાઓનો ઉપયોગ કરવો

**સભ્યો પોતાનું નિયંત્રણ સ્થાપિત કરે છે**



બોર્ડ ઓફ ડિરેકટર્સને ચૂંટીને



મીટીંગમાં હાજરી અને પોતાનો મત આપીને



મુખ્ય મુદ્દાઓ પર નિર્ણય લેવો

નીચે આપેલા માર્ગો છે કે જેના દ્વારા સભ્યોને એફપીઓ ની માલિકી અને નિયંત્રણ હોઈ શકે છે.

**સભ્યો આના દ્વારા માલિકીનો ઉપયોગ કરે છે:**

- ★ શેરની મૂડી ચૂકવવી
- ★ એફપીઓની મૂડીમાં ફાળો
- ★ એફપીઓની સેવાઓનો ઉપયોગ કરવો

**સભ્યોના કવાયત નિયંત્રણ દ્વારા:**

- ★ સભાઓમાં મતદાન
- ★ બોર્ડ ઓફ ડિરેકટર્સને ચૂંટવા
- ★ મુખ્ય મુદ્દાઓ પર નિર્ણય લેવો

## કવાયત:

ચાલો નીચેના બે એફપીઓના કિસ્સાઓ જોઈએ અને આ એફપીઓની સફળ કામગીરી પર ચર્ચા કરીએ.

**એફપીઓ ૧**: આ એફપીઓના ઓપરેશનલ ક્ષેત્ર પરના તમામ સંભવિત સભ્યો સંપૂર્ણ અધિકૃત શેર મૂડી ચૂકવીને (પેટાનિયમોમાં બતાવ્યા મુયબ અન રજિસ્ટ્રારે મંજૂરી આપ્યા મુજબ) એફપીઓ ના સભ્ય બન્યા છે. સભ્યો એફપીઓ વડે નિયમિત માસિક બચત પણ કરે છે. ઉત્પાદનની પ્રાપ્તિ દરમિયાન, એફપીઓ સભ્યોને ધંધાના તમામ ખર્ચમાં વ્યવસ્થિત થયા પછી, વ્યવસાય ચક્ર પૂર્ણ થયા પછી, સભ્યોને પરત ચૂકવવામાં આવતી કિંમતોના ૧૦% પણ ઘટાડે છે.

**એફપીઓ ૨**: આ એફપીઓમાં, ફક્ત થોડા જ લોકો એફપીઓમાં જોડાયા હતા અને સભ્યોએ અધિકૃત શેર મૂડીના નાના ભાગનો જ ફાળો આપ્યો હતો. એફપીઓમાં સભ્ય બચત અને રોકેલા ભાવની કોઈ પ્રથા નથી.

નીચેની જગ્યાનો ઉપયોગ કરો અને લખો કે ઉપરના એફપીઓ પર સભ્યોની કેટલી હદે માલિકી અને નિયંત્રણ છે.

| એફપીઓ ૧ | એફપીઓ ૨ |
|---|---|
| | |

# સભ્યોની જવાબદારીઓ

એફપીઓમાં, એવું નથી કે સભ્યો પાસે ફક્ત અધિકાર છે પરંતુ તેમને કેટલીક જવાબદારીઓ નિભાવવાની પણ જરૂર છે. સભ્યોની જવાબદારીઓ નીચે વર્ણવવામાં આવી છે.

## આકૃતિ ૧ : સભ્યોની જવાબદારીઓ

**પ્રતિબદ્ધતા અને ઉપયોગ**

★ સેવાઓ માટે પ્રતિબદ્ધતા
★ સેવાઓનો વાસ્તવિક ઉપયોગ

**માલિકી અને નિયંત્રણ**

★ મોટા નિર્ણયો પર મતદાન
★ ડિરેકટર્સની નિમણૂક અને ચૂંટણીઓ
★ મોટા નિર્ણયો પર ભાગ લેવો

**ભંડોળ**

★ શેર મૂડી
★ બચત
★ મૂડી ધિરાણ



ઉપર દર્શાવ્યા મુજબ, સભ્યોએ પ્રતિબદ્ધતા જ ન કરવી જોઈએ (ઉદાહરણ તરીકે આગામી કૃષિ મોસમ માટે ૧૦ ક્વિન્ટલ બીજ માટે ઇન્ડેન્ટ આપો) પણ સેવાઓનો ઉપયોગ કરો (એફપીઓમાંથી પ્રતિબદ્ધ ૧૦ ક્વિન્ટલ બીજ લો). સભ્યોએ સામાન્ય સમિતિ સભાઓમાં પણ ભાગ લેવાની અને નિર્ણય પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લેવાની જરૂર હોય છે (દા.ત. કયા ઓડિટરની નિમણૂક કરવી તે). એ પણ ખૂબ મહત્વનું છે કે સભ્યોએ વિવિધ સ્વરૂપોમાં એફપીઓના ભંડોળમાં ફાળો આપે છે.



## કવાયત ૧: કમલાપુર ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગનાઇઝેશન

રમણ અને શ્યામુ વિવિધ સેવાઓ એક્સેસ કરવા માટે શેર મૂડીનો ફાળો આપીને કમલાપુર એફપીઓમાં સભ્ય બન્યા. રમણે એફપીઓ પાસેથી જરૂરી જથ્થાના બિયારણ અને ખાતરો લીધા હતા અને એફપીઓને ૨૫ ક્વિન્ટલ શાકભાજીનો પુરવઠો પૂરો પાડ્યો હતો. તેણે એફપીઓ પાસેથી ક્રેડિટ અને વીમો પણ મેળવ્યો. શ્યામુએ એફપીઓને ૫૦ ક્વિન્ટલ શાકભાજીનો પુરવઠો પૂરો પાડ્યો હતો પરંતુ અન્ય સેવાઓનો ઉપયોગ કર્યો નથી. બંને વાર્ષિક સામાન્ય સમિતિ સભા (AGM) માં હાજરી આપે છે અને મતદાન અને નિર્ણય પ્રક્રિયામાં સક્રિય રીતે ભાગ લે છે. તેઓ પણ એફપીઓનો વાર્ષિક અહેવાલ મેળવે છે. સમાન એફપીઓમાં, શાંતા ૨૫ ક્વિન્ટલ શાકભાજીનો પુરવઠો પૂરો પડે છે અને અન્ય બધી સેવાઓનો લાભ પણ આપે છે. પરંતુ, તેણી ક્યારેય AGMમાં હાજરી આપતી નથી. તેવી જ રીતે, બાલૈયાએ શેર મૂડી ચૂકવીને સભ્યપદ લીધું છે. પરંતુ તેણે ક્યારેય એફપીઓની કોઈ સેવાઓનો ઉપયોગ કર્યો નથી અને AGMમાં પણ ભાગ ન લીધો.

AGM યોજતા પહેલા એફપીઓએ સભામાં ભાગ લેવા અને મત આપવા માટે અયોગ્ય સભ્યોની સૂચિ તૈયાર કરી છે. સૂચિમાં શ્રી બાલૈયા અને અન્ય કેટલાક સભ્યોના નામ દેખાયા. અયોગ્યતાનાં કારણો નીચે મુજબ દર્શાવેલ છે:

૧. સભ્યોએ એફપીઓની સેવાઓનો ઉપયોગ કર્યો નથી
૨. સભ્યોએ એફપીઓની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો નથી
3. સભ્યોએ બે વર્ષથી AGMમાં હાજરી આપી નથી

તાજેતરના AGMમાં, રમણ અને સ્યામુએ અન્ય સભ્યો સાથે તેમના મતદાનનો અધિકાર ઉપયોગ કર્યો હતો અને સેવાઓનો ઉપયોગ કરવાના આધારે સભ્યોને ૪૦% નફો આપવાનો નિર્ણય લીધો હતો.

કૃપયા નીચેના મુદ્દાઓ પર ચર્ચા કરો:

૧. બાલૈયા અને કેટલાક અન્ય સભ્યો AGMમાં ભાગ લેવા અને મત આપવા માટે કેમ અપાત્ર બન્યા?
૨. એફપીઓમાં કોણ નિર્ણયો લઈ રહ્યું છે?
3. ઉપરોક્ત કેસના આધારે, સભ્યો અને એફપીઓ વચ્ચેના સંબંધની સૂચિ બનાવો?
૪. બલૈયા હજી પણ નફાના શેરના ૪૦% મેળવવા માટે પાત્ર હશે?

# કવાયત ૨:

નીચે આપેલ પરિસ્થિતિઓ નફાના શેરમાં સભ્યપદની કેટલીક પરિસ્થિતિઓ છે. ચાલો આપેલા સ્કેલ પર આપણા એફપીઓને મૂલ્યાંકિત કરીએ. ઉપરાંત, ચાલો જ્યાં રેટિંગ સરેરાશ અને ઓછું હોય ત્યાંના સભ્યપદની સ્થિતિમાં સુધારો કરવા માટે લેવાતી ક્રિયાઓ સૂચવીએ.

ખૂબ નીચું (૧) - નીચું (૨) - સરેરાશ (૩) - ઉચ્ચ (૪) - ખૂબ ઉંચુ(૫)

૧. એફપીઓના કાર્યકારી ક્ષેત્રના કુલ સંભવિત સભ્યોમાંથી ૮૦%ને તે એફપીઓના સભ્યો તરીકે આવરી લેવામાં આવ્યા છે.

રેટિંગ: ____________

કરવામાં આવેલ ક્રિયા: ___________________

૨. શ્યામલાલ રામપુર ડેરી સહકારી મંડળીના સભ્ય છે. તે સોસાયટીને દૂધ સપ્લાય કરે છે અને સોસાયટીની પશુચિકિત્સા સેવાઓનો લાભ લે છે. જો કે, તે ક્યારેય સાધારણ સભામાં ભાગ લેતો નથી અને મત આપતો નથી. શું શ્યામલાલ સહકારીના સભ્ય તરીકે ચાલુ રહી શકે છે?

રેટિંગ: ______________________

કરવામાં આવેલ કાર્યવાહી::__________________________

૩. બાલૈયા કાજુની ખરીદી અને પ્રક્રિયા કરવામાં સહકારી સભ્ય છે. જો કે બાલૈયા ક્યારેય તેના કાજુનું ઉત્પાદન સહકારીને આપતા નથી. શું તે સહકારીના સભ્ય તરીકે ચાલુ રહી શકે છે?

રેટિંગ: ______________________

કરવામાં આવેલ કાર્યવાહી::__________________________

૪. જયા દેવી રંગપુર ડેરી સહકારી મંડળીની સભ્ય છે. તે સોસાયટીને નિયમિતપણે દૂધ સપ્લાય કરે છે, સોસાયટીની વિવિધ સેવાઓ લે છે અને સાધારણ સભામાં પણ હાજરી આપે છે અને મતદાન અને નિર્ણય લેવામાં ભાગ લે છે. શું તે સહકારીના સભ્ય તરીકે ચાલુ રહી શકે છે?

રેટિંગ: ______________________

કરવામાં આવેલ કાર્યવાહી:__________________________

૫. ડેરી એફપીઓના કુલ ૬000 સભ્યોમાંથી, ૫0% (એટલે કે ૩000) છોડને વાર્ષિક ૧૮0 લિટર લઘુત્તમ નિયત જથ્થો પૂરો પાડે છે.

રેટિંગ: ____________

કરવામાં આવેલ ક્રિયા: ___________________

૬. એફપીઓમાં, સામાન્ય રીતે, ઓછામાં ઓછા ૮૦% સભ્યો નિયમિતપણે GB સભાઓમાં ભાગ લે છે.

રેટિંગ: ____________

કરવામાં આવેલ ક્રિયા: ____________________

૭. અન્ય એફપીઓ માં, સામાન્ય રીતે બોર્ડના ૨૦% સભ્યો નિર્ણય લેવામાં સક્રિયપણે ભાગ લે છે.

રેટિંગ: ____________

કરવામાં આવેલ ક્રિયા: ____________________

૮. એક તૃતીયાંશ સભ્યો ૨ વર્ષના સમયમાં એફપીઓ ના સભ્યપદથી ખસી જાય છે.

રેટિંગ: ____________

કરવામાં આવેલ ક્રિયા: ____________________

૯. સભ્યો માટે ખાતર ની જરૂરિયાત ના આધારે એફપીઓ દ્વારા ૧૦૦ થેલી મંગાવવામાં આવ્યા પણ સભ્યો દ્વાર માત્ર ૪૦ બેગ લેવામાં આવી.

રેટિંગ: ____________

કરવામાં આવેલ ક્રિયા: ____________________

૧૦. સળંગ ૩ સીઝન માટે, ડેરી પ્રવૃત્તિમાં રોકાયેલા એફપીઓ તેના દૂધના ચિલિંગ સેન્ટર માટે કુલ જરૂરી દૂધમાંથી ૬૦% દૂરના અંતરે સ્થિત બિન-સભ્યો પાસેથી મેળવે છે, ભલે તેના જથ્થા તેના સભ્યો પાસેથી ઉપલબ્ધ હોય.

રેટિંગ: ____________

કરવામાં આવેલ ક્રિયા: ____________________

## કવાયત 3:

ઉપર ચર્ચા કરેલ પરિમાણોના આધારે, ચાલો આકારણી કરીએ કે આપણા એફપીઓ કઈ હદ સુધી આપણા સભ્યો દ્વારા માલિકી ધરાવે છે અને નિયંત્રિત છે?

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

3

# સભ્યપદની મુખ્ય લાક્ષણિકતાઓ

## સત્ર ઉદ્દેશ



### એફપીઓમાં સભ્યપદની વિવિધ મુખ્ય સુવિધાઓ વિશે જાણવા માટે

**વિષયવસ્તુઓ**

૧. સભ્યની ગતિશીલતા

૨. સભ્ય કેન્દ્રિયતા

3. એફપીઓ સ્તર અને સદસ્ય સ્તરે સંતુલિત લાભો; ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના

૪. સભ્યના સંબંધો જાળવવા

સભ્યોના મહત્વ વિશે અને એફપીઓમાં સભ્યોની માલિકી અને નિયંત્રણ વિશે જાણ્યા પછી, ચાલો હવે નીચે સૂચિબદ્ધ કર્યા પ્રમાણે સભ્યપદની વિવિધ કી સુવિધાઓ મેળવીએ.

★ સભ્યની ગતિશીલતા

★ સભ્ય કેન્દ્રિયતા

★ એફપીઓ સ્તરે અને સભ્ય સ્તરે, ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના લાભો વચ્ચે સંતુલન

★ સભ્યના સંબંધો જાળવવા

હવે, ચાલો એક પછી એક આ સુવિધાઓ જોઈએ.

## ૩.૧ સભ્યની સક્રિયતા

એફપીઓના કાર્યક્ષમતા અને ટકાઉપણા માટે, તે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે અમે સભ્યોની નોંધણી કરીએ અને તેમને જરૂરી સેવાઓ આપીને જાળવી રાખીએ કારણ કે સભ્યો એફપીઓના ગ્રાહકો છે. અમારા એફપીઓમાં સભ્યપદ એવું હોવું જોઈએ કે અમે અસરકારક રીતે તેમની સેવા કરવામાં સક્ષમ છીએ અને તે જ સમયે, એફપીઓના શાસન અને સંચાલનમાં સભ્યોની અસરકારક ભાગીદારી માટે અમારી પાસે મિકેનિઝમ છે. નીચે દર્શાવ્યા મુજબ એફપીઓમાં સભ્યોની ગતિવિધિ ત્રણ સ્તરોમાં થાય છે.

### આકૃતિ ૨ : સભ્યની ગતિશીલતા




★ સભ્યની નોંધણી - એફપીઓ ઓપરેશનલ ક્ષેત્રના તમામ સંભવિત સભ્યો - સભ્યતા પાત્રતાના માપદંડ મુજબ - શેર મૂડી ગતિશીલતા

★ સક્રિય સભ્યો - લઘુત્તમ સભ્યપદ ચાલુ રાખવાના માપદંડની સભા - સક્રિય સભ્યો બનવા માટે ૧૦૦% - જાળવી રાખતા સભ્યો

★ પૂર્ણ સભ્ય આશ્રય - આશ્રયદાતા એટલે કે સભ્યો દ્વારા બધી સેવાઓનો ઉપયોગ - લઘુત્તમ સભ્યપદ ચાલુ રાખવાના માપદંડથી વધુ - બેઠકો, મતદાન, નિર્ણય લેવામાં સક્રિયપણે ભાગ લેવો

ઉપર બતાવ્યા પ્રમાણે, ફક્ત શેરધારકો તરીકે એફપીઓ માં માત્ર સભ્યોની નોંધણી કરવી તે પૂરતું નથી. એફપીઓ ની કામગીરી માટે, સભ્યોએ સક્રિય હોવું જોઈએ, એટલે કે તેમના પેટાનિયમોમાં

જણાવ્યા મુજબ એફપીઓ પાસેથી ઓછામાં ઓછી નિયત સેવાઓ લેવી જોઈએ (દા.ત. ડેરી કોઓપરેટિવમાં વર્ષમાં ૧૮૦ દિવસથી વધુ ૧૮૦ લિટર દૂધ). એફપીઓના ટકાઉ કાર્ય માટે, સભ્યોએ નિર્ણય લેવા અને મતદાનમાં સક્રિયપણે ભાગ લેવો પડે છે.

ઉપરોક્ત ત્રણેય સ્તરોમાં સભ્યોને કાર્યરત કરવા તે BoD સભ્યોની મુખ્ય જવાબદારી છે. આ માટે, BoDએ સભ્યો દ્વારા સંપૂર્ણ સમર્થન, નિયમિત અને યોગ્ય GB સભાઓ, ચૂંટણીઓ, નિર્ણય લેવા વગેરે માટે સદસ્યતા ચાલુ રાખવા ઉપરાંત સેવાઓની જોગવાઈને સુનિશ્ચિત કરવી પડશે.

તેમજ BoDએ તેમના સ્ટાફ અથવા સહાયક એજન્સીઓ દ્વારા સમયાંતરે જરૂરી સભ્ય શિક્ષણની ખાતરી કરવી પડશે જેથી તે ત્રણેય સ્તરે એકત્રિત થઈ શકે.

## આત્મનિરીક્ષણ કરવા માટે પ્રશ્નો

૧. શું તમારા ઓપરેશનલ ક્ષેત્રના મોટાભાગના સંભવિત / પાત્ર ખેડુતો તમારા એફપીઓમાં સભ્યો તરીકે જોડાયા છે?

૨. શું તમારા એફપીઓ ના મોટાભાગના સભ્યો સક્રિય છે?

૩. તમારા સભ્યોનું કેટલું પ્રમાણ સક્રિય સભ્યના માપદંડોથી વધુ તમારી સેવાઓનો ઉપયોગ કરે છે, તમારા એફપીઓના કાર્યમાં સક્રિયપણે ભાગ લે છે?

## ૩.૨ સભ્ય કેન્દ્રિત

**ચર્ચા પ્રશ્ન:** જો કોઈ એફપીઓ તેમના સભ્યોને હંમેશાં મર્યાદિત સેવાઓ પ્રદાન કરવા માટે સક્ષમ છે તો શું?

સભ્યો એફપીઓના ગ્રાહક હોવાથી, અન્ય સેવા પ્રદાતાઓની તુલનામાં એફપીઓ તેમના સભ્યોમાં વધુ કેન્દ્રીય હોય તે જરૂરી છે. દા.ત., સભ્યો પાસેથી મગફળીની ખરીદીની સેવા માટેના એફપીઓ એ વિસ્તારના અન્ય ખરીદદારો કરતા વધારે ખરીદી કરવી પડે છે.

